જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૪૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૨ | ૨ | ૧૦૬૭૪ | ૧૦૮૦૨ | ૨ | ૧૬૮૦૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૪ | ૨ | ૪૩૪૬ | ૫૮૫૮ | ૨ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૮૭૬ | ૨૪ | ૧૪૯૦૦ | ૧૫૬૬૪ | ૨૫ | ૧૫૬૮૯ |
| | કુલ | ૨૯૯૪૦ | ૨૮ | ૨૯૯૬૮ | ૩૮૫૪૩ | ૨૯ | ૩૮૫૭૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૭ | ૧૧,૭૨,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૭૧ | ૧૫,૭૧,000/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>શાહપુર પોલીસ સ્ટેશનઃ-</u>**

## <u>બે ઈસમોને  વાહન ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી ગુન્હો ડીટેકટ કરતી શાહપુર પોલીસ</u>

મે. પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સયુંકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર.૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના.પો.કમી.શ્રી ઝોન.૨ વિજય પટેલ સાહેબ તથા મ.પો.કમી.શ્રી સી ડીવીઝન એસ.કે.ત્રીવેદી સાહેબનાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબન્ધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલા ગુન્હાઓ સી.સી.ટી.વી. કુટેઝ તથા પોકેટ કોપ મો.ફોન ના માધ્યમથી શોધી કાઢવા જરૂરી સુચના આપેલ હોય જે અનુસંધાનમા શાહપુર પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેકટર આર.કે.અમીન સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ મીલ્કત વિરુધ્ધના અન્ડીટેક ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કોર્ડના  પો.સ.ઈ એસ.આર.બલાત નાઓ સર્વેલંસ સ્કોર્ડની ટીમ સાથે પો.સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ મા હતા ખાનપુર ચકલા પાસે આવતા સર્વેલંસ સ્કોર્ડના પો.કો શૈલેશભાઈ ગોવિન્દભાઈ તથા પો.કો. પ્રીયવદન મનુભાઈનાઓએ બાતમી હકીકત આપેલ કે તેઓએ ઈ – ગુજકોપ તથા પોકેટકોપ મોબાઈલ એપ્લીકેશન ની મદદથી તપાસ કરી બાતમીદારો મારફતે તપાસ કરતા તેઓને બાતમી રાહે હકીકત મળેલ કે બે ઈસમો GJ-01-SC-0493 નાની સ્પ્લેંડર ચોરીનુ મો.સા. લઈ ખાનપુર દરવાજા થઈ નીકળવાના છે. જે બાતમી આધારે ખાનપુર દરવાજા વોચમા હતા દરમ્યાન આરોપી (૧) આસીફ સ/ઓ અનવરભાઈ ચુન્નુભાઈ શેખ ઉ.વ.૧૯ રહે.૩૭૭,મરીયમ બીબીની ચાલી, કરબલા મસ્જીદ પાસે, ખાનપુર દરવાજા, શાહપુર, અમદાવાદ શહેર તથા (૨) સોહેલખાન સ/ઓ નાસીરખાન અફજલખાન પઠાણ ઉ.વ.૨૧ રહે.૨૨૯૩, કલ્યાણીવાડ, પથ્થરવાળી મસ્જીદ પાસે, ખાનપુર ચકલા, શાહપુર, અમદાવાદ શહેરવાળાઓ રિટર્સ કોર્નર બાજુથી  એક કાળા કલરની સ્પ્લેંડર મો.સા. નં.GJ-01-SC-0493 મો.સા. નો ચેસીસ નં.MBLHA10ARDH K00288 એંજીન નં.HA10ELDHK22995 નો છે. જેની કિ.રૂ.૧૫,000/- નાની ગણી શકાય તે ચલાવી લઈ આવતા તેમને રોકી કાગળો બાબતે તથા માલીક બાબતે કડકાઈ પુર્વક પુછપરછ કરતા તેઓએ દશેક દિવસ પહેલા ખાનપુર રોડ પર આવેલ બાળ રિમાંડ હોમની બાજુમાથી સદર મો.સા. ચોરી કરેલ હોવાનુ જણાવતા હોય જે બાબતે શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ખરાઈ કરાવતા સદર બનાવ સબન્ધમા શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૦૧૦૭૯/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે ચોરીમા ગયેલ સ્પ્લેન્ડર મો.સા. GJ-01-SC-0493 કિ.રૂ ૧૫,000/- ના મુદામાલ સાથે બે આરોપી પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૧૦/૧૦/૨૦૨૦

ગુન્હો કરવાની એમ.ઓ:-

પકડાયેલ આરોપીઓ ખુલ્લી જગ્યામાથી મો.સા. ચોરી કરવાની એમ.ઓ ધરાવે છે.

આ કામગીરી કરનાર ટીમ :-

(૧) શ્રી આર. કે. અમીન સાહેબ શાહપુર પોલીસ સ્ટેશન માર્ગદર્શન અને સુચના

(૨) પો.સ.ઈ એસ.આર.બલાત  શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૩) મ.સ.ઈ રણજીતસીહ તખતસીહ બ.નં.૭૫૦૯ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૪) મ.સ.ઈ ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ બ.નં.૭૬૮૯ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૫)અ.હેડ.કોંસ જાવેદખાન અખ્તરખાન બ.નં.૯૬૬૮ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૬) પો.કો. શૈલેશભાઈ ગોવીદભાઈ  બ.નં.૭૪૨૨ શાહપુર પોલીસ સ્ટેશન,અમદાવાદ બાતમી

(૭)પો.કો. પ્રીયવદન મનુભાઈ બ.નં.૬૪૮૪ શાહપુર પોલીસ સ્ટેશન,અમદાવાદ શહેર બાતમી

(૮)પો.કો. યુનુશખાન મુનાવરખાન બ.નં.૮૬૫૪ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૯) પો.કો.જીતેશકુમાર રમેશભાઈ બ.નં.૬૫૦૩ નોકરી.શાહપુર પો સ્ટે,અમદાવાદ શહેર

(૧૦)પો.કો. રોનકસીહ સુરેશભાઈ બ.નં.૪૬૦ શાહપુર પોલીસ સ્ટેશન,અમદાવાદ શહેર

(૧૧)પો.કો.જયેશકુમાર જયરામભાઈ બ.નં. શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૧૨) પો.કો. વનરાજ ભરતભાઈ બ.નં.૧૧૯૬૭ શાહપુર પો સ્ટે. અમદાવાદ શહેર

(૧૩)પો.કો રણછોડભાઈ નેથીજી બ.નં.૧૧૫૨૨ શાહપુર પોલીસ સ્ટેશન

(૧૪)પો.કો રવીન્દ્ર હદયરામ શાહપુર પોલીસ સ્ટેશન,અમદાવાદ શહેર.

(૧૫) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ બ.નં.૯૩૯૩ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

(૧૬) પો.કો. ઈસ્વર માલસુરભાઈ બ.નં.૧૧૯૬૭ શાહપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.

આરોપીઓ:- (૧) આસીફ સ/ઓ અનવરભાઈ ચુન્નુભાઈ શેખ ઉ.વ.૧૯

(૨) સોહેલખાન સ/ઓ નાસીરખાન અફજલખાન પઠાણ ઉ.વ.૨૧



# પાસા અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-

### મિલ્કત સંબંધી પાસા અટકાયત

માનનિય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા સારૂ આવા ગુનાઓ આચરતા ઇસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા સુચના કરેલ હોય જે અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશન (૧) ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૦૦૬૮૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૩૭૯ મુજબ તથા નરોડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૨૫૫/૨૦૧૮ ધી ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના ગુનાના કામના આરોપી હિતેન્દ્ર ઉર્ફે ટસન સ/ઓ છોટુભાઈ મીઠુભાઈ જાતે. સિંગોલીયા(મારવાડી) ઉં.વ. ૨૭ રહે, મ.નં. કે/૩૦૨, પાંચમો માળ, પારંતી ફ્લેટ, ઓડાના મકાન વસાણી પાર્ટી પ્લોટની બાજુમાં નિકોલ, અમદાવાદ શહેર નાનો પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં તથા ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહનોની ચોરી તેમજ ચેઇન સ્નેચીંગ કરતો હોય જેને પકડી ચોરી તથા લૂંટ કરેલ મુદ્દામાલ રિકવર કરવામાં આવેલ જેના વિરુધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૧૦૮૫/૨૦૨૦ તા.૧૦/૧૦/૨૦૨૦ થી સદરી આરોપીને જામનગર જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૧/૧૦/૨૦૨૦ કલાક ૨૦/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે જામનગર જેલ ખાતે મોકલી આપેલ છે. તા.૧૧/૧૦/૨૦૨૦.

**કામગીરી કરનાર**

(૧) અ.હે.કો. નિખીલેષ દિપકભાઇ બ.નં.૮૫૩૯

(૨) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮

(૪) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



**શાહપુર પોલીસ સ્ટેશનઃ-**

## મિલકત સબંધીના ગુનામાં આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

(૧)

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક/PCB/DTN/પાસા/૧૦૪૩/૨૦૨૦ તા.૧૦/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે સરફરાજઅહેમદ સ/ઓ નજરહસન મોહમદ ઇશાક અંસારી ઉવ-૩૫ રહે.મ.નં.એ/૭ ડાયાજી પાર્ક ફૈસલ પાર્ક પાસે ઇસનપુર અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૧૧/૧૦/૨૦૨૦ ના કલાક ૧૯/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી “રાજકોટ” જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૧૧/૧૦/૨૦૨૦




(૨)

મે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક/PCB/DTN/પાસા/૧૦૪૨/૨૦૨૦ તા.૧૦/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે દાનીશ અહેમદ હબીબુલ રહેમાન અજીમુલ્લા અન્સારી ઉવ-૩૫ ધંધો-રિક્ષા રહે- મ.નં.૪૮ શબ્દેર રો હાઉસ શાહઆલમનગર ઇલાબેન ફાર્મ ચંડોળા તળાવ પાસે બેરલ માર્કેટ અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલકત સબંધી ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૧૧/૧૦/૨૦૨૦ ના કલાક ૧૯/૧૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી “પાલરા-ભુજ” જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૧૧/૧૦/૨૦૨૦



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી ૨૪૩ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૮ બીયરટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૭/૨૦૨૦**

**નવરંગપુરા** : સૌમીલભાઇ હસમુખભાઇ શાહ (ઉ.વ.૫૫)(રહે. સેન્ટ્રલપાર્ક લો-ગાર્ડન નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૦ ના કલાક ૦૦/૪૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા, જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ ખાતે આવેલ દેરાસરના પહેલા માળે સીડી પર લગાવેલ લોખંડની જાળી ખોલી, અજાણી વ્યક્તિ સીડી વાટે ઉપર ચડી, પહેલા માળે આવેલ ભગવાન સ્મુતીનાથના રંગમંડપમા રાખેલ દાનપેટીના નકુચા તોડી, દાનપેટીમાંથી આશરે રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.દેસાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૮/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટ** : રાજેશભાઇ અશોકભાઇ લેઉઆ (ઉ.વ.૩૪)(રહે. આર્યભટ્ટ એપાર્ટમેન્ટ પ્રધાનમંત્રી આવાસ યોજના, વિશ્વકર્મા ગોતા ઓવર બ્રીજ નીચે, ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૦ બપોરના ૧૨/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના હુકમા ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**સાબરમતી** : કનુભાઈ સુરતાજી વણઝારા (ઉ.વ.૨૧)(રહે, પંજાબીની ચાલી ગાંધીવાસ-૨ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે તેમને ચાંદખેડા એસ.એમ.એસ હોસ્પીટલ ખાતે લઈ જતા રાતના ૧૦/૨૦ વાગે ફરજ પરના ડોક્ટર શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**દાણીલીમડા** : ઇમરાન રહેમાનભાઇ રંગરેજ (ઉ.વ.૩૪)(રહે.મહેર રો-હાઉસ હરીયાળીનગર ફૈસલનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એન્ગલ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સોહાબખાન અઝીઝખાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી